# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૪૯ • સળંગ અંક : ૧૦૦ • તા. ૯ મે ૨૦૨૦ થી ૧૫ મે ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# કોરોના સામે ઝઝૂમી તેને માત આપી સફળતા મેળવતા આપણા લોડાયા પરિવાર



## કંટક ભર્યો હોય માર્ગ, દ્રઢ હોય મનોબળ
## પ્રબળ હોય ઈચ્છા, તો સફળતા જરૂર મળે છે

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું
કૃતિ ઈંદ્રિયોની, મુજ મન વિશે ભાવ જ સ્મરું
સ્વભાવે બુદ્ધિથી, શુભ અશુભ જે કાંઈક કરું
ક્ષમા દ્રષ્ટે જોજો, તુજ ચરણમાં નાથજી ધરું

- કવિ ન્હાનાલાલ




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ખુલ્લી આંખે જોવામાં આવે તે સપનાં

સપનાં એટલે ઊંઘમાં આવે, ઘસઘસાટ ઊંઘ હોયને ત્યારે સુષુપ્ત મસ્તિકમાં ભયાવક કે મજેદાર ઘટનાઓ આપણને દેખાય, આંખો ભલે બંધ હોય પણ, સારા સપનાં મનને ગમે, ખરાબ કે અઘટિત પ્રસંગો ધરાવતા સપનાથી ઊંઘ ઉડી જાય અને પછીએ સપનાં ને કારણે મનમાં ગભરાટ થાય, શંકા કુશંકા જાગે, અઘટિત બનાવ ઘટવાના ભયે ચેન ન પડે, સતત ડર લાગ્યા કરે. આ સપનાંની સૃષ્ટિ છે. સારા-મનગમતાં સપનાથી પોરસ ચડે ને ખરાબ સપનાંથી દિવસ રાતનું ચેન હરાઈ જાય.

હકીકતમાં ઊંઘમાં આવે એ સપનાં નથી એ મનો સૃષ્ટિની ભ્રમણા છે. સાચાં સપના તો ખુલ્લી આંખેથી જોવામાં આવે એ છે. અરે, સપનાં તો આપણને ઊંઘવા ન દે. સપનાં પોતાની મેળે સાચાં પડે એ માટે હાથ પર હાથ ધરી બેસવાથી ન થાય. સપના પૂર્ણ ત્યારે જ થાય જ્યારે દિવસ-રાત એક કરીને અથાગ મહેનત કરવામાં આવે. નહીં તો પછી સપનાં જોવામાં જ જિંદગી આમજ વિતી જાય. જે લોકોને માત્ર સપનાં જોવાનું જ પસંદ છે તેવાઓને રાત ટૂંકી લાગે છે અને જે લોકોને સપનાં પૂર્ણ કરવાની જીદ ચડે છે એમને માટે દિવસો ટૂંકા પડે છે. જ્યાં વિશ્વાસ ને શ્રદ્ધા છે શ્રમ અને શક્તિ છે ત્યાં જીદ કરવાથી સપનાં સાકાર થઈ શકે છે.

કંઈક બનવાનું સપનું જોવાથી મોટા કે મહાન નથી થઈ જવાતું. પણ મહાન કાર્ય સિદ્ધિપૂર્ણ ભાવનાથી સપના સાકાર થઈ શકે છે. ચાંદ તારા સુધી આપણે પહોંચી ન શકીએ પરંતુ આપણી નજર તેમની પર જરૂર રહેવી જોઈએ. નાના સપના જોવા ન જોઈએ. સપનાં તો એટલા મોટા હોવા જોઈએ જેનાથી આપણી જીંદગી જ બદલાઈ જાય, માત્ર જોવાથી સપનાં સાકાર નથી થવાનાં સપનાં જોઈને તેને ભૂલવા ન જોઈએ. પણ તેને સાકાર કરવા સાહસને શ્રમ કરવું જોઈએ. આપણા સપનાં બીજાને માટે પ્રેરક બને તે માટે સમય અને શક્તિનો બને તેટલો ઉપયોગ કરવો જોઈએ. જેટલા મોટા સપના તેટલા તેને સાકાર કરવા મથવું પડશે. આ કામ જાગવાથી થશે નહીં કે સૂવાથી. ઊંઘ વેરણ કરી દે એ ખરાં સપનાં છે. પ્રયત્ન કર્યા પછી પણ જો સપનાં સાકાર ન થાય તૂટી જાય તો બીજું સપનું જોવું. સતત સપનાં જોવાથી મોટા સપનાં સેવવાથી જ મોટા બની શકાશે. આપણું ભવિષ્ય આપણે કેટલાં સપનાં જોયા અને કેટલાં સપનાં સાકાર કર્યા એની ઉપરથી ઘડાય છે. સપનાં તો દરેક જણ જુએ છે પણ તેને પૂર્ણ કરવાની જીદ ને ઝનૂન કોક ધરાવે છે.

આખી દુનિયાને જીતવાની ને એને ઝૂકાવવાની ક્ષમતા જેમાં પરસેવો પાડવાની તાકાત છે, જેની પાસે દ્રઢ સંકલ્પ શક્તિ છે, સાહસ ભર્યો જીગર છે અને અથાગ મહેનત કરવાનું ઝનુન છે. તેઓના બધા સપનાં સાકાર થઈ શકે છે. સપનાં આવેને હાથમાંથી છટકી જાય ત્યારે તેની પાછળ ચીલ ઝડપે દોડી પકડી પાડવાની ક્ષમતા હોય તો જ એ તાબે આવે છે. નહીં તો હાથમાંથી જ છટકી જાય છે. રાતે ઊંઘમાં જુએલા સપનાં પછી ઘસઘસાટ ઊંઘ આવે છે. પણ ખુલ્લી આંખે જોયેલા સપનાં ઊંઘને વેરણ કરી દે છે. જાગૃત અવસ્થામાં જોએલા સપનાં આપણી જિંદગીને બનાવે છે.

-જય જ્ઞાતિમૈયા

# જ્ઞાતિમૈયાની આ સાથે થઈ સદી

સમસ્ત મહાજન દ્વારા ઠેર ઠેર વસેલા આપણા જ્ઞાતિજનોના સમાચાર તેઓ વ્યક્તિગત કે સાથે રહીને કરતા સમાજસેવાના કાર્યો, ધાર્મિક ઉત્સવો ઈત્યાદની માહિતી દર સપ્તાહે ઝટ હાથ વગી થાય એ માટે મિડીયા કમિટી સક્રિય થઈ સમસ્ત મહાજનશ્રીનું અધિકૃત સાપ્તાહિક ઈ-મેગેજીન જ્ઞાતિમૈયા નામે ઓનસ્ક્રીન થયું.

આધુનિક ટેક્નોલોજીના આધારે ઝડપથી સૌની નજરે આવી જતું ઈ-મેગેજીન આ અંક સાથે શતક - સો અંક પુરા કરે છે. સમસ્ત મહાજનના વિવિધ પ્રોજેક્ટ, એની વિવિધ સમિતિઓના કાર્ય અને યોજનાઓથી જ્ઞાતિજનોને સુલભ રીતે સાંકળી શકીએ છીએ. લોકડાઉનને કારણે મેટ્રો સિટી મહાનગરોમાં દૈનિક પેપરો બંધ છે ત્યારે આપણું જ્ઞાતિમૈયાએ સમસ્ત મહાજન અને સૌ સમાજજનો સાથે સેતુની ભૂમિકા તરીકે ફરજ બજાવી રહ્યું છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION
ART & FRAMES
ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant
MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# કોરોના સામે ઝઝૂમી તેને માત આપી સફળતા મેળવતા આપણા લોડાયા પરિવાર



## કુટુંબમાં આઠ પોઝીટીવ કેસ હોવા છતાં કોરોના સામેનો જંગ જીતનાર પ્રવિણભાઈ લોડાયાની પ્રેરણાદાયક મુલાકાત

આજકાલ ટીવી અને સોશિઅલ મીડિયા પર કોરોના વાયરસ અંગેના સમાચારો ફક્ત જાણીને જ ફફડી જવાય છે. પરંતુ આપણા ઉપનગર મુલુંડમાં પ્રવિણભાઈ લોડાયાના સંયુક્ત કુટુંબમાં એક સાથે આઠ-આઠ સભ્યોનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યા છતાં જે હિંમત, નીડરતા અને શિસ્તથી આ કુટુંબએ આ રોગ સામે લડત આપી વિજય મેળવ્યો છે એ દેશના સૌ નાગરીકો માટે કાબિલે-દાદ જ નહીં, પ્રેરણાદાયક પણ છે. પ્રસ્તુત છે મુલુંડ(ઇસ્ટ) સ્થિત સાને ગુરુજી નગરની લોડાયા રેસિડેન્સીમાં રહેતા ૫૩ વર્ષીય પ્રવિણભાઈ લોડાયાની શાંતિલાલ નાકરે લીધેલી મુલાકાતના રસપ્રદ અંશ.



પ્રવિણ લોડાયા



ગીતાબેન લોડાયા



સંગીતાબેન લોડાયા



સચીન લોડાયા

**જ્ઞાતિમૈયા :** પ્રવિણભાઈ, સૌ પ્રથમ તો આપના સહિત કુટુંબના આઠ સભ્યોએ જે રીતે કોરોના સામેના જંગમાં વિજય મેળવ્યો છે તે બદલ આપના સમસ્ત કુટુંબને જ્ઞાતિમૈયા વતીથી ખૂબ ખૂબ અભિનંદન!

**પ્રવિણભાઈ :** જ્ઞાતિમૈયાનો ખૂબ ખૂબ આભાર

**જ્ઞાતિમૈયા :** પ્રવિણભાઈ, આપના કુટુંબમાં કોરોનાના પોઝીટીવ કેસ છે તેની સૌ પ્રથમ જાણ કેવી રીતે થઇ?

**પ્રવિણભાઈ :** સૌ પ્રથમ તો હું જણાવી દઉં કે અમારું સંયુક્ત કુટુંબ છે અને તેના ૧૫ સભ્યો એક જ ઘરમાં રહીએ છીએ. અમારા કુટુંબનો નવી મુંબઈની એપીએમસી માર્કેટમાં અનાજનો વ્યવસાય છે. મારો એક ભત્રીજો જે ધંધાર્થે રોજ એપીએમસી માર્કેટમાં જતો હતો તેને બુધવાર, તા. ૨૯મી એપ્રિલની રાતે ૧૦-૧૫ મિનીટ માટે તાવ આવ્યો. ગુરુવાર, તા. ૩૦ના દિવસે એપીએમસી માર્કેટમાં તેનો કારોના ટેસ્ટ કરાવવા સેમ્પલ આપ્યું અને એજ દિવસથી તેને ઘરમાં આઈસોલેટ કરી દીધો. શુક્રવારના બીએમસીએ ફોન દ્વારા જાણ કરી કે ભત્રીજાનો ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે. તેને કોરોનાના કોઈ પણ લક્ષણ નહોતા તેથી જરા પણ વિચલિત કે ભયભીત થયા વિના તેને હોમ ક્વોરેનટાઈનમાં રાખ્યો.

**જ્ઞાતિમૈયા :** આપના કુટુંબમાં કોરોનાનો પ્રથમ કેસ ડીટેકટ થયા પછી શું કર્યું?

શુક્રવાર તા. ૧ મેના પ્રથમ કેસની જાણ થયા પછી શનિવારે કુટુંબના બાકીના બધા જ એટલે કે ૧૪ સભ્યો અને અમારા ઘરનો વોચમેન એમ ૧૫ જણાના કોરોના ટેસ્ટ પ્રાઈવેટ લેબમાં કરાવ્યા અને એ દિવસથી જ અમે બધા ઘરની અંદર અલગ અલગ રૂમમાં આઈસોલેટ થઇ ગયા. રવિવાર, તા. ૩જી મેના ટેસ્ટના રીઝલ્ટ આવ્યા ત્યારે જાણ થઇ કે ૧૫માંથી

# કોરોના સામેનો જંગ જીતનાર પ્રવિણભાઈ લોડાયાની મુલાકાત


મયંક લોડાયા


ખુશ્બુ લોડાયા


રીંકેશ લોડાયા


વૈભવ લોડાયા

૭ પોઝીટીવ અને ૮ નેગેટીવ છે. એટલે ભત્રીજા અને અન્ય સાત મળીને કુટુંબમાં કુલ આઠ સભ્યો પોઝીટીવ થયા. જો કે કોઈને કોરોના રોગના લક્ષણો નહોતા તેમજ હોસ્પિટલમાં પણ જગા ન હોવાથી અમે ઘરમાં રહીને જ કોરોના સામે લડવાનું નક્કી કર્યું. અગાઉ જણાવ્યું તેમ કુટુંબના ૧૬ સભ્યો અલગ અલગ રૂમોમાં તો હતા જ. દરેક રૂમમાં એક ઈન્ફ્રા રેડ થર્મોમીટર અને એક ઓક્સિજન સેચ્યુરેશન માપવાનું યંત્ર મૂકી દીધા. કોરોના પોઝીટીવ અને નેગેટીવ બંને પ્રકારના સભ્યોએ ફરજીયાત દિવસમાં ત્રણ વાર ટેમ્પરેચર અને ઓક્સિજન માપીને એની નોંધ લેવાની. કોઈએ એકબીજા સાથે મળવાનું નહીં કે રૂબરૂ વાત નહીં કરવાની. કુટુંબના ૧૫ જણાનું એક વોટ્સએપ ગ્રુપ બનાવી લીધું અને દરેક પ્રકારનો સંદેશવ્યવહાર વોટ્સએપ મારફત જ કરવાનું રાખ્યું.

ચહા-પાણી, ભોજન-નાસ્તા માટે કુટુંબની કોરોના નેગેટીવ બે મહિલાઓ કિચનમાં જઈ એકબીજાથી દૂર રહી ભોજન,નાસ્તા વગેરે બનાવતી અને કુટુંબના કોરોના નેગેટીવ પુરુષ સભ્યો દરેક રૂમના બારણા પાસે મૂકી આવતા. આમ હોમ ક્વોરેનટાઈન અને આઇસોલેશનનું કડક પાલન કરવાથી જે સાત સભ્યો નેગેટીવ હતા તેમને ચેપ લાગ્યો નથી.


**ગરમ પાણીનું સેવનઃ કફ છૂટો પાડી ગળામાં રહેલા વાયરસને ફેલાતો અટકાવે**


**મલ્ટી વિટામીન ગોળીઓઃ શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારી વિવિધ વિવિધ વિટામિન્સની ઉણપ દૂર કરે**

**જ્ઞાતિમૈયા :** હોમ ક્વોરેનટાઇન દરમ્યાન કોરોનાના નિયંત્રણ માટે ક્યા ઉપચારો કર્યા?

**પ્રવિણભાઈ :** સૌ કોઈ જાણે છે કે કોરોના વાયરસના રોગ માટે કોઈ દવા કે વેક્સિન હજુ શોધાઈ નથી. વાયરસને નિયંત્રણમાં રાખવા માટે શરીરની પ્રતિકાર શક્તિ વધારવાનું ખૂબ જરૂરી છે. પ્રતિકાર શક્તિ વધારવા માટે ઘરના બધા જ સભ્યો દરરોજ મલ્ટી-વિટામીનની ગોળીઓ લઇ રહ્યા છે.આ ઉપરાંત આયુર્વેદમાં સૂચિત ઉપાયો પણ ચાલુ રાખ્યા જેમાં બધાએ દર કલાકે ગરમ પાણી પીવાનું, દિવસમાં બે વાર સ્ટીમ ઇનહેલરથી વરાળ લેવાની,દિવસમાં બે વખત હળદર-મીઠાવાળા પાણીના કોગળા કરવા, દિવસમાં બે થી ત્રણ વખત સુંઠવાળું ગરમ પાણી પીવાનું, સુંઠનો

# કોરોના સામેનો જંગ જીતનાર પ્રવિણભાઈ લોડાયાની મુલાકાત



**હળદર-મીઠાવાળા પાણીના કોગળાઃ ગાળામાં રહેલા વાયરસને ખતમ કરી શ્વાસનળીના કફને છૂટો કરે**



**વરાળની બાફ લેવીઃ ફેફસાંના કફને છૂટો કરી વાયરસનો નાશ કરે**

પાવડર જીભ ઉપર મુકવાનો, શક્ય હોય તેમણે માટે ચપટી સુંઠનો પાવડર નાકવાટે શ્વાસમાં લેવાનો વગેરે ઉપચારોનો સમાવેશ થાય છે. આ બધા ઉપચારો એટલા અસરકારક છે કે આજે (સોમવાર, તા. ૧૧ મેના) ૧૦ દિવસ થયા, કોરોના પોઝીટીવ હોય કે નેગેટીવ, ઘરનાં ૧૫ સભ્યોમાંથી કોઈને પણ તાવ, છીંક, ઉધરસ જેવા એક પણ લક્ષણ દેખાયા નથી.

**જ્ઞાતિમૈયા :** ટીવી પરના સમાચારો અને સોશીઅલ મીડિયા પર આવતી કેટલીક પોસ્ટમાં જણાવવામાં આવે છે તેમ કોરોના રોગથી ડરવા જેવું ખરું?



**સુંઠનો પાવડર જીભ પર મુકવોઃ રોગપ્રતિકારક શક્તિ વધારી વાયરસની વૃદ્ધિને નિયંત્રિત કરે**

**પ્રવિણભાઈ :** આ બાબતે મને સોલે ફિલ્મનો એક ડાયલોગ યાદ આવે છે 'જો ડર ગયા વો મર ગયા'. કોરોના રોગથી ડરવાનું નથી. ડરવાથી પ્રતિકાર શક્તિ નબળી પડે છે અને રીકવર થવામાં ૧૪ ને બદલે ૨૪ દિવસ લાગી શકે છે. બીજું આ રોગ જીવલેણ નથી અને ભારતમાં હવે કોરોના વાયરસની પ્રહાર શક્તિ પણ ઘટી ગઈ છે. જરૂર છે આપણી પ્રતિકાર શક્તિ વધારવાની. એ માટે આપણા વડીલો જે ગરમ પાણી, વરાળ, સુંઠ, હળદર-મીઠાના કોગળા જેવા ઉપચારો જ કરવાના છે. નવું કંઈ જ કરવાનું નથી અને ડરવાનું પણ નથી. બસ, આપણી પ્રતિકાર શક્તિ વધારવાની છે.

**જ્ઞાતિમૈયાઃ** પ્રવિણભાઈ, કુટુંબમાં તમારા સહિત આઠ કોરોના પોઝીટીવ દર્દીઓ સાથે હોમ ક્વોરેનટાઈનના સમય દરમ્યાન ક્યારેય માનસિક નબળાઈ આવી હતી?

પ્રવિણભાઈઃ જરાય નહીં, કારણકે મારી ભૂમિકા આ સમયે બહુ અગત્યની થઈ રહેલ. જો હું ડરી જાઉં તો ઘરના ૧૫ સભ્યોનો સવાલ હતો. એટલે મનોબળ વધુ મક્કમતા સાથે ડિસીઝન ફટાફટ લેવા લાગ્યો.

સૌથી પહેલા મારા મિત્ર જયેશ જૈન ને જાણ કરી જો ઘરનો કોઈપણ સભ્યની તબીયત ખરાબ થાય તો હૉસ્પિટલની જરૂર પડે તો તે જોવાની જવાબદારી તું સંભાળજે. તે દરરોજ બધા સભ્યોને ફોન કરી હાલચાલ પૂછી લેતા.

ખાવાનું ઘરે જ બનાવતા હતા પણ ખાવાનું બનાવવાનું અને પોતાને પણ દવાની ટ્રીટમેન્ટ લેવાનું બધું કામ સાથે અશક્ય લાગતા મે મારા બીજા મિત્ર ગોવિંદજી પટેલ અને વિપુલ પટેલને જાણ કરતા તેમણે પોતાના ઘરથી અમારા માટે

# કોરોના સામેનો જંગ જીતનાર પ્રવિણભાઈ લોડાયાની મુલાકાત

જમણ ત્રણે સમયનું બનાવીને પહોંચાડવાની જવાબદારી સંભાળી લીધી.

આયુર્વેદિક દવાઓ માટે મારા છોકરા જેવો શીતલ ફાર્મસીવાડા મીતેશ પંડયાએ જાતે આવીને દવાઓ આપતો રહ્યો.



હવે મેડિકલ, દવાઓ, ઈક્વીપમેન્ટ, ફળ, ફ્રુટ, દૂધ વગેરે માટે મારા બીજા બે મિત્રો રમેશ જયસ્વાલ તથા પ્રવિણ ગડાએ દીવસ રાત ખુબ મહેનત કરી.

જયેશ જૈન, ગોવિંદજી પટેલ, વિપુલ પટેલ, રમેશ જયસ્વાલ, પ્રવિણ ગડા, મીતેશ પંડયા આ મારા અંગત છ મિત્રોની મહેનત એ મારા માટે મોટામાં મોટો મોરલ સપોર્ટ હતો. તેમના લીધે હું હજી વધારે સ્ટ્રોંગ થઈ ગયો અને મારા ઘરના ૧૫ મેમ્બરોને ઢીલો થવા ન દીધો.

**જ્ઞાતિમૈયા :** લોકડાઉન અંગે આપના વિચારો જણાવશો? ૧૭ મે પછી લોકડાઉન ઉઠાવી લેવું જોઈએ?

**પ્રવિણભાઈ :** મારા મત મુજબ હવે તબક્કાવાર લોકડાઉન ઉઠાવી શકાય. કારણ કે આ રોગચાળો હજી ઓછામાં ઓછા ૬ થી ૮ મહિના ચાલશે. તેની પહેલાં લોકોમાં જાગૃતિ માટે ટીવી ઉપર જાહેરાત બતાવવી જોઈએ જેમાં કોરોના સામેના જંગમાં વિજયી થયેલા અમારા જેવા લોકો નાગરિકોને સોશિઅલ ડીસ્ટન્સિંગ, માસ્ક અને સેનિટાઈઝેશનની અને સ્વયં શિસ્તની અગત્યતા સમજાવે. હા વરિષ્ઠ નાગરીકો અને ડાયાબીટીસ, બ્લડ પ્રેસર કે કેન્સર જેવા રોગોથી જેમની પ્રતિકાર શક્તિ નબળી પડી ગઈ છે એવી વ્યક્તિઓએ વિશેષ સાવચેતી રાખવી જોઈએ. બાકી તો કોરોનાને અન્ય રોગોની જેમ જ આપણા જીવનનો એક ભાગ સમજીને તેનો સામનો કરવો જોઈએ.

**જ્ઞાતિમૈયા :** કોરોના સામે જંગ જીતેલા યોધ્ધા તરીકે લોકોને આપનો સંદેશ આપશો?




**પ્રવિણભાઈ :** દેશવાસીઓ, ગભરાવાની જરૂર નથી. આ રોગ એટલો જીવલેણ નથી. ભારતમાં એનાથી મૃત્યુનું પ્રમાણ ૨-૩ ટકા છે. સુંઠ, હળદર, તજ, લવિંગ, મરી, જેવા ગરમ મસાલાઓ આપણા ખોરાકનો અભિન્ન અંગ હોવાથી આપણી રોગપ્રતિકારક શક્તિ પશ્ચિમના દેશોના લોકો કરતાં ઘણી વધારે છે. ઉપરાંત યુરોપના દેશો ઠંડા પ્રદેશો હોવાથી પણ ત્યાં વાયરસનો ફેલાવો વધુ થાય છે. આપણે ત્યાં તડકો અને ગરમ હવામાન પણ આપણું રક્ષણ કરે છે. જ્યાં સુધી કોરોના વાયરસ આપણી આસપાસ છે ત્યાં સુધી માસ્ક, સામાજિક દૂરી અને સેનિટાઈઝેશન જેવા સલામતીના ઉપાયો તેમજ સરકારના આદેશોનું પાલન કરતા રહો. આપણે જરૂર કોરોના સામેના યુધ્ધમાં જીત મેળવીશું.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શાંતિજિન સાધર્મિક ભક્તિ સેવા અભિયાન-૨૦૨૦ પાર્ટ-૧



છેલ્લા દોઢેક મહિનાથી કોરોના સંક્રમણ સામે લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે ઘણાં લોકોની હાલત મુશ્કેલીમાં છે. ત્યારે શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા માર્ચ માસમાં અનાજ મસાલા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના અધ્યક્ષ જયેશભાઈ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, પ્રવિણભાઈ લોડાયાના માર્ગદર્શન હેઠળ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.

સાધર્મિક ભક્તિ સેવાના મુખ્ય દાતા માતુશ્રી તારાબેન માણેકજી મોતા હસ્તે નીશાબેન હિતેશ મોતા રાપરગઢવારી-વાલકેશ્વર, સાધર્મિક સહયોગી દાતા પરિવાર સંઘવી ભાગચંદભાઈ દામજી જૈન કોઠારા-મુલુંડ, માતુશ્રી હીરાવંતીબેન લહેરચંદ મેપાણી પરજાઉ-મુલુંડ, સાધર્મિક દાતા મોતીચંદ લાલજી ખોના નલીયા-મુલુંડ, નરેશ ભવાનજી મોમાયા-નલીયા-ઘાટકોપર, માતુશ્રી હંસાબેન હિરાચંદ પટેલ-બાંઢીયા-ઐરોલી, શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ સાંયરા-મુલુંડ, માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા મોટી ખાવડી-ઘાટકોપર હસ્તે કિંજલ બ્યુટી પાર્લર, શા.રાયચંદ ઠાકરશી નાગડા સાંધાણ-મુલુંડ, એક સદ્‌ગૃહસ્થ પરિવાર ડોંબિવલી, એક સદ્‌ગૃહસ્થ પરિવાર-મસ્જિદ બંદર, માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા વારાપધ્ધર-વાપી, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા સાંધવ-મુલુંડ, શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન સાંધવ, એક સદ્‌ગૃહસ્થ પરિવાર મુલુંડ, એક સદ્‌ગૃહસ્થ પરિવાર-મુંબઈ, એક સદ્‌ગૃહસ્થ પરિવાર ડોંબિવલીનો સહયોગ પ્રાપ્ત થતા અનાજ કીટો જરૂરતમંદ પરિવારો સુધી પહોંચી છે. આ સાધર્મિક સેવા અભિયાનમાં આ દિલેરી દાતા પરિવારોએ જે ઉદારતા દાખવી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી ભગીરથ કાર્ય કરેલ છે. તેઓ શ્રી પ્રત્યે શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ અનુમોદના સહ આભાર વ્યક્ત કરેલ.

મુંબઈ તેમજ મુંબઈના પરાઓમાં અનાજ-મસાલા સાથેની ૩૯૧ રાશન કીટ ઉપરોક્ત દાતાશ્રીઓના સહયોહથી અપાઈ હતી. જ્યારે કચ્છમાં ૧૦૧ રાશન કીટ સાધર્મિક સરતા જ એવા દાતા માતુશ્રી તારાબેન માણેકજી મોતા હસ્તે નીશાબેન હિતેશ મોતા રાપરગઢવારી-વાલકેશ્વર દ્વારા સાધર્મિક પરિવારોના ઘરોઘર જઈ અર્પણ કરાઈ હતી.

ડોંબિવલીમાં કીટની ખરીદી પેકીંગ માટે રૂમની વ્યવસ્થા તથા વિતરણ વ્યવસ્થા આઈ શ્રી દેશ-દેવી આશાપુરા મિત્ર મંડળ માતાનામઢ જતા સેવક મંડળના સાઈકલવીરો, સાંધવના વિરલા અભય લોડાયા, તરૂણ લોડાયા, દિપક લોડાયા, શરદ લોડાયા, જય લોડાયા, સુજલ લોડાયા તથા પરેશ નાગડા, મનીષ મૈશેરી, ચિંતન દંડ, પંકજ રાજગોર, રાજીવ નાગડા તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના વિરલાઓ વિપુલ પટેલ, જયેશ લાલકા, ભાવેશ મોતા, પરેશ ખોના, કેવલ લાલકા, કુસુમ લાલકા, વિરેન્દ્ર લોડાયા, ક્રિકેશ મૈશેરી, યશ લોડાયા, વિરલ ધરમશી, ચંદ્રેશ સોની, ભાવનાબેન મોમાયા, પ્રવિણ મોતા, વિરચંદ ખોના, કિરણ દંડ, નવિન ધરમશી, રાહુલ મોતા, પરેશ માલદે, ભાવિનીબેન મોમાયા, ભુપેન્દ્ર ડાઘા, ગુલાબ ધરમશી, જયેશ ધરમશી, કિરણ ધુલ્લા, અભિષેક લોડાયા, હિતેસ પટેલ, રાજેશ દંડ, નિપેશ પટેલ, સંદીપ લોડાયા, જયેશ લોડાયા, અભય ધરમશી, નિમેસ મોતા, પ્રકાશ લોડાયા, રાજેશ લોડાયા, મિલન ધરમશી, મયંક લોડાયા, વૈભવ લોડાયા, મુકેશ દંડ, હેમંત મોતા, પાર્થ લોડાયા વિગેરે કાર્યકરોએ સંભાળી હતી.

કચ્છમાં પંકજ ડાઘા, ચેતન ખોના, મહેશ નાગડા, વર્ધમાન લોડાયા, દિનેશ મોતા, ભુપેન વિકમશી, અમીતાબેન મોમાયા, અરવિંદ લોડાયા, મહેશ મોમાયા, પ્રતાપસિંહ સોઢા, રવિરાજ સોઢા, હુસેન હિંગોરા, દશરથ જોડજા, કાસુ હાજી, સિદ્ધાર્થ લાલકાએ વ્યવસ્થા અને વિતરણમાં સહકાર આપ્યો હતો.

ગાંધીધામમાં ભદ્રીક મૈશેરી, ભુજમાં પ્રબોધ મુનવર, દીપેશ શાહ, તુષાર જૈન, અભય ધરમશી, જયાબેન મુનવર, ગુણવંતીબેન મોતા, રેખાબેન લોડાયા, રેવંતી મુનવર તથા સર્વે કાર્યકરોએ વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.

આપણા સૌની અને સમાજની સુખાકારી અર્થે પોતાના જીવનને દાવપર લગાવી શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના સર્વે કાર્યકર ભાઈ-બહેનોને ઉમદા ભાવના સાથે સંક્રમણની સામે લોકડાઉન ગાઈડનું પાલન કરી સમાજ ઉપયોગી કાર્યમાં સહભાગી બન્યા હતા. શાંતિજિન સાધર્મિક ભક્તિ સેવા અનેક પરિવારો સુધી પહોંચી છે.

# શાંતિજિન સાધર્મિક ભક્તિ સેવા અભિયાન-૨૦૨૦ પાર્ટ-૨



સમગ્ર વિશ્વને હંફાવનારી કોરોનાની વૈશ્વિક મહામારી સામે સમાજહિતના રક્ષણ માટે ઝઝુમી રહેલા શ્રી શાંતિનિજ જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા માનવીય અભિગમ સાથે પોતાની ફરજ સમજી કોરોના સામે કવચ પૂરું પાડયું છે.

સંકટ સમયની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ સમાજના જરૂરતમંદ પરિવારોનું સર્વે કરાયું. ઓનલાઈન સર્વેમાં પૂરી વિગતો સાથે સાથ સહકાર પ્રાપ્ત થયો. શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, પ્રવિણભાઈ લોડાયાના માર્ગદર્શન હેઠળ સમાજવાસી પરિવારો માટે કાંઈક કરી છૂટવાની ભાવના પ્રગટ થઈ. કાંઈક વિચાર્યું... જેનો તુરત અમલ થયો...





જરૂરતમંદ પરિવારોને અનાજ મસાલા સહિતની અનાજકીટ વિતરણ બાદ, બીજા ચરણમાં એપ્રિલ માસમાં આર્થિક સહાયરૂપે બે જણાના પરિવારોને રૂ.૨૨૦૦, ચાર જણાના પરિવારોને રૂ.૨૭૦૦ અને ચારથી વધારે સંખ્યાવાળા પરિવારોને રૂ.૩૨૦૦ આમ મુંબઈ વસતા ૩૫૪ પરિવારો, કચ્છના ૧૩૫ પરિવારોને સાધર્મિક ભક્તિ સેવા રૂપે, સાધર્મિક સરતાજ એક સદ્‌ગૃહસ્થ પરિવાર મુંબઈએ પોતાનું નામગુપ્ત રાખીને સાધર્મિક ભક્તિના ઉત્તમકાર્ય માટે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી ઉદારતા દાખવી અનુમોદનીય અભિગમ સાથે ઉદારદિલે સાધર્મિક ભક્તિ કરી. જે બદલ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈએ પરિવારની અનુમોદના કરે છે. ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવે છે.

શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી સર્વે જરૂરીયાતમંદ પરિવારોના બેંક એકાઉન્ટમાં એનઈએફટી દ્વારા આ રકમ જમા જઈ ગયેલ છે.

કોરોના કાળમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના દરેક કાર્યકરો જેમણે તન-મનથી સખત મહેનત કરી છ તેમનો તથા સહકાર્યમાં માધ્યમ બનનાર ટ્રસ્ટનો પણ ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો.




# કેડીઓ જ્ઞાતિના દેવેન્દ્ર ધરમશી દ્વારા કોરોના ડીઝાસ્ટર રિલીફનો શુભારંભ



દેવેન્દ્ર ધરમશી તથા તેના મિત્રો તેમજ મુલુંડમાં કલ્પનગરી સ્થિત ધૈવત ટાવરના આપણા કદઓ ભાઈઓ દ્વારા આ કોરોનાની મહામારીમાં અનાજની કીટ દ્વારા સહાય આપવાની પહેલ શરૂ કરી. રૂપિયા ૪૦૦ની એક એવી ૪૦૦ રાશન કીટ મુલુંડના કોરોના ડીઝાસ્ટર રિલીફ કાર્ય માટે દેવેન્દ્ર ધરમશી તરફથી આપવામાં આવી. રાશનની દરેક કીટમાં ચોખા-૨ કિલો, ઘઉંનો લોટ-૨ કિલો, સાકર- ૧ કિલો, તુવેરદાળ- ૧ કિલો, પામ તેલ- ૧ લિટર હોય છે. આમ દેવેન્દ્ર શાંતિલાલ ધરમશી (સુથરી), મધુરી પ્રતાપ ધરમશી (સુથરી), મિનલ નરેન્દ્ર છેડા (સુથરી), ડિમ્પલ લોડાયા (સુથરી), મધુરી હિરાચંદ છેડા (સુથરી), કિન્નરી સંકેત ધરમશી (સુથરી), ભારતી તારાચંદ ધરમશી (સુથરી), માધ્વી કલ્પન ધરમશી (સુથરી), સંજય નાગડા (નલીયા), રાની રોપીન નાગડા (નલીયા) વગેરેએ સુંદર પહેલથી એક ઉમદા સેવાકાર્ય કર્યું.




## શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ઓનલાઈન સગપણ સેતુનું આયોજન




લોકડાઉન સમયગાળાને લીધે પોણા બે માસથી બધા જ વ્યવહારિક આયોજન મેડાવા બંધ છે. સ્નેહીજનો, સગા સંબંધીઓને રૂબરૂ મળવાનું આને લીધે શક્ય નથી રહ્યું. તો પણ આ સમયકાળમાં પરિવારના ઉંમર લાયક પુત્ર-પુત્રીઓ માટે સગપણનું કાર્ય શા માટે આગળ ન વધારી શકીએ? આ માટે મુંબઈ મહાજનની કમિટી લાવ્યું છે ઓનલાઈન સગપણ સેતુ ઘરબેઠા સગપણ સંબંધ બાંધવાનો નવતર પ્રયોગ.

અત્યારની નવરાશની પળોમાં સૌ ઓનલાઈનમાં વ્યસ્ત હોય છે. મહાજનની સગપણ સેતુ ટીમની પહેલથી આ ઉપયોગી પ્રયોગ થઈ રહ્યો છે. ઈ-રાઈટ મેચ હેઠળ સર્વે માટે જોડી એ શિર્ષકથી તા. ૧૬મે શનિવાર વર્ચ્યુલ મિટીંગ સીઝન-૧ વયગ્રુપ ૨૧ થી ૩૨ વર્ષ અને ગ્રેજ્યુએશન અને વધુ અભ્યાસ એજ્યુકેશન ધરાવતાઓ માટે તા. ૧૪ મે ૨૦૨૦ સુધી https://bit.ly/2L6Qo4C ફોર્મ ભરી મોકલવો ઝૂમ વિડીયો કોલ પર તા. ૧૬ મેના વર્ચ્યુલ મિટીંગ કરાશે જેનો સમય અને એની લીંક ફોર્મ ભરનારને પોતાની રીતે મોકલી અપાશે.

# ઘરમાં રહી પોતે અને પરિવારને હેમખેમ રાખવું જરૂરી : ઉપપ્રમુખ વીરેન્દ્ર લોડાયા

કોરોના વાયરસનો કેર સમગ્ર વિશ્વમાં વ્યાપક પણે વિસ્તરેલો છે. જ્ઞાતિજનોએ આ કપરાકાળમાં પોતાની સાથે પરિવારની કાળજી જરૂરી છે અને આપણી નૈતિક ફરજ છે કે સરકારશ્રીના સૂચનો અને આદેશોનું પાલન કરવું. તા.૧૭મે સુધી ઘરમાં જ રહેવું. સૌ પરિવારજનો સાથે મળી ધાર્મિક પ્રવૃત્તિ કરવી શક્ય તેટલી વધુ ધર્મ આરાધના કરવી જેથી સમગ્ર વિશ્વ આ મહામારીથી વહેલી તકે મુક્ત થઈ શકે. જ્ઞાતિજનોની સુખકારીની ચિંતા છે. કોઈપણ પ્રકારની તકલીફ હોય તો નિસંકોચ યાદ કરજો એ વિનંતી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના ઉપપ્રમુખ વીરેન્દ્ર લોડાયા દ્વારા કરાઈ છે.




# શાસન સ્થાપના દિવસની ઉજવણી સાંતાક્રુઝ સંઘમાં ધર્મ આરાધનાઓ સાથે કરાઈ





તા. ૩ જી મે ૨૦૨૦ રવિવાર દિને ૨૫૭૬મો શાસન સ્થાપના દિવસ. વૈશાખસુદ અગ્યારસની આ તિથિ જિનશાસન માટે અણમોલ ઓચ્છવની છે. શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ વેસ્ટમાં આ દિવસે સક્રસ્ત અભિષેક ઔષધિ સાથે ત્રણ વખત કરવામાં આવેલ. ત્યાર બાદ ઋષિ મંડળનું પઠન કરવામાં આવેલ આ વિધિ સંઘના પારૂલ છેડા એ ધર્મ ભાવ પૂર્વક કરાવેલ હતી.

# કાંજુરમાર્ગના શ્રી વિમલનાથ દાદા જિનાલયનો ધ્વજા મહોત્સવ ઉજવાયો

શ્રી કાંજુરમાર્ગ સંઘનાશ્રી વિમલનાથ દાદા જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ તા. ૩ મે ૨૦૨૦ રવિવાર દિવસે વૈશાખ સુદ ૧૧ અનંતનાથ ટ્રસ્ટના ચેતન મોતા, મનોજ લોડાયા તથા અનંતનાથ કોમ્પલેક્સના રહેવાસીઓએ આજની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સાદાઈથી પણ પૂર્ણ વિધિ વિધાનપૂર્વક ધ્વજારોહણ સંપન્ન કરેલ.



# કાંજુરમાર્ગ કોમ્પલેક્ષમાં શાસન સ્થાપના દિવસની ઉજવણી થઈ



તા. ૩ મે ૨૦૨૦ રવિવાર દિવસે જૈન શાસન સ્થાપના દિવસની ઉજવણી કાંજુરમાર્ગ કોમ્પલેક્ષમાં અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ચેતન મોતા અને મનોજ લોડાયા તેમજ સંઘના શ્રાવક શ્રાવિકાઓ દ્વારા હરખભેર શાસન ધ્વજ લહેરાવીને જિન શાસનની સદૈવ કીર્તિવંત રહે એવી પ્રાર્થના કરાઈ.

# રંગપુર સંઘ જિનાલયનો ૩૧મો ધ્વજા મહોત્સવ રંગે ચંગે ઉજવાયો





ગુજરાતના હાલાર પ્રાંતના જામનગર પાસે રંગપુર નગર સંઘના જિનાલયની ૩૧મી વર્ષગાંઠ પ્રસંગે ધ્વજા રોહણ મહોત્સવ આનંદ ઉત્સાહના રંગમાં ભવ્યતાથી તા. ૩ મે રવિવારના દિને સંપન્ન થયો.

# સાંતાક્રુઝ સંઘમાં પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરજી મ.સા.ની પધરામણી



સાહિત્ય દિવાકર આ.ભ.પ.પૂ. કલાપ્રભ સાગરજી મ.સા. આદિઠાણા ૬ સાથે પોતાની આંખના ઓપરેશન માટે શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈનમાં પધાર્યા છે. પૂજ્યશ્રીનું આંખનું ઓપરેશન તા. ૯ મે શનિવાર રોજ સવારના સારી રીતે થઈ ગયેલ છે. શાતા સારી છે. ડોક્ટરોએ તેઓશ્રીને આરામ કરવાનું કહેલ છે. સકળ સંઘને પ.પૂ.મ.સા.એ ધર્મલાભ કહ્યા છે.

હાલની પરિસ્થિતિ કારણોસર ઉપાશ્રયમાં ન પધારવાની સૌને સંઘના ટ્રસ્ટીઓ દ્વારા વિનંતી કરાઈ છે.

# રેલડીયા મંજલ નગરે શ્રી આદિનાથ સ્વામી જિનાલયનો ૧૩૮મો ધ્વજારોહણ મહોત્સવ દમદમાભેર ઉજવાયો





કચ્છના રેલડીયા મંજલ નગરના શ્રી આદિનાથ સ્વામી જિનાલયનો ૧૩૮મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ વિધિવત રીતે કરાઈ. ધ્વજારોહણની વિધિ વિધિકાર ચંદ્રકાંતભાઈ બિદડાવાળાએ કરાવી હતી.

આ ગામમાં કવીઓ અને ક.દ.ઓ. બંન્ને જ્ઞાતિ સમાજના લોકોનો વસવાટ છે. અહીંના સંઘમાં દરેક ઉત્સવો, ધર્મ આરાધનાઓ હળી મળીને ભવ્યતાથી થાય છે. આ ગામ પ.પૂ.મુનિરાજશ્રી પ્રિયંકર સાગરજી મ.સા.નું વતન છે.

# ખંડવા સંઘમાં શ્રીજગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામનો ૧૦૭મો ધ્વજા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો





મધ્યપ્રદેશના ખંડવા નગરના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામનો તા.૪ મે ૨૦૨૦ સોમવાર દિને ૧૦૭મો ધ્વજારોહણ મહોત્સવ કાર્યક્રમ ધામધૂમથી સંપન્ન થયો. અત્રેના સંઘનું જિનાલય મધ્યપ્રદેશનું સૌથી જૂનું અચલગચ્છીય દેરાસર છે.

૧૦૭ વર્ષના ઈતિહાસમાં અત્રે બે વાર જ અચલગચ્છના ચાતુર્માસ થયા છે. જેમાં ઈ.સ. ૧૯૨૭માં પ.પૂ.આ.ભ.શ્રી ગૌતમ સાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય પ.પૂ.શ્રીધર્મ સાગરજી મ.સા.નું તથા ઈ.સ. ૧૯૮૭માં પ.પૂ.સાધ્વીજી જ્યોતિ પ્રભાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ થયેલ છે. આ નગરમાં ક.દ.ઓ જ્ઞાતિના ૨૫ ઘર પરિવાર જ્યારે ક.વી.ઓ. સમાજના ૧ ઘર છે. પ.પૂ. ધર્મસાગરજી મ.સા.એ અહીં પ.પૂ.આ.ભ.શ્રી કલ્યાણસાગર સૂરિશ્વરજી મ.સા.ના જીવન કવનને કાવ્ય સ્વરૂપમાં રચના આલેખ કરેલ છે.

# પરજાઉ નગરે ધ્વજારોહણનો કાર્યક્રમ સંપન્ન





પરજાઉ નગરે શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની શિતલ છાયામાં તા.૩-૫-૨૦૨૦ વૈશાખ સુદ ૧૧ શ્રીચંદ્રપ્રભુ સ્વામી, શ્રી શીતલનાથ દાદાની ધ્વજારોહણનો કાર્યક્રમ સ્થાનિકોની હાજરીમાં હર્ષ ઉલ્હાસ સાથે ઉજવવામાં આવેલ.

રમેશભાઈ દંડ, મહેશભાઈ નાગડા, નરેન્દ્રસિંહ માસ્તર, ભવાનજીભાઈ નાગડા, મૂળરાજભાઈ મહેશ્વરી,ભાણુભા જાડેજા, સુનીલભાઈ પુજારી, તેમજ ગામવાસીઓની હાજરી હતી

# બિગ થેન્કયુ સમસ્ત મેડિઆસિસ્ટ અને માઈન્ડ હેલ્થ વોરિયર્સને

સમસ્ત કેડીઓ જૈન મહાજનની મેડિકલ સમિતિ દ્વારા તા. ૩ એપ્રિલ ૨૦૨૦થી સમસ્ત મેડિઆસિસ્ટ એન્ડ માઈન્ડ હેલ્પ હેલ્પલાઈન જ્ઞાતિના ૧૫૦ જેટલા ડૉક્ટરોના અણમોલ સાથથી લોંચ કરી. આ હેલ્પલાઈન લોકડાઉન પરિસ્થિતિમાં રોગ માર્ગદર્શન સારવાર સલાહ તેમજ કોવિડ પરિસ્થિતિ વિષે માર્ગદર્શન મેળવવા માટેની છે. વિવિધ શહેરોના સ્પેશિયાલિસ્ટ કેડીઓ ડોક્ટરો પોતાના અનુકુળ વાર અને સમય મુજબ સલાહ આપવા આગળ આવ્યા. તેમની જ્ઞાતિ સેવા માટે તત્પતા ખરેખર અમુલ્ય રહી આ હેલ્પલાઈન દ્વારા જ્ઞાતિજનો એ મેડિકલ ગાઈડન્સ, કન્સલ્ટીંગ, કાઉન્સલીંગ સાથે એડમિશન પહેલા ટેસ્ટીંગ વગેરેનું મર્ગદર્શન મેળવ્યું. આ હેલ્પલાઈન લોકડાઉન સુધી કાર્યન્વિત રહેશે.

અત્યંત વ્યસ્ત રહેતા, સતત તણાવ ભરી પરિસ્થિતિમાં હોવા છતાં જ્ઞાતિની મદદ માટે આગળ આવી સેવા આપનાર આ સર્વેની અનુમોદના આભાર સાથે સેલ્યુટ કરવા મેડિકલ સમિતિ દ્વારા ૫૬ સેકન્ડનો વિડીયો ક્લીપ રીલીઝ કરાયો છે.

આ હેલ્પલાઈન માટેનાા પ્રેરક માર્ગદર્શક સેક્રેટરી જનરલ નીશિથ દંડ રહ્યા હતા. મેડિકલ સમિતિના ચેરપર્સન મનિષા શાહ પોલડિયા, કન્વીનર રાજેન્દ્ર એમ. ખોના, વાઈસ ચેરમેન ડૉ. ધારિણી નાગડા, સેક્રેટરી રમેશ મેઘજી મોતા, ટ્રેઝરર રાહુલ પી. ખોના, મેમ્બર ભરત મુલજી મૈશરી, બ્લડ ઓર્ગન ડોનેશન ઈનચાર્જ જયશ્રી કે. દંડ, પેડિયાટિક વેલનેસ ઈનચાર્જ ડૉ. હરીશ એસ. લાપસીયા તેમજ સમસ્ત સભ્યોની ઉમદા સહયોગ આ કાર્ય માટે મળ્યો હતો.

# કેડીઓ બી ટુ બી પ્લેફોર્મ પર બિઝનેશ ઈન્કવાયરી

કેડીઓમાં ના ઉત્પાદકો જે કોઈ સેનિટાઈઝર, ઓટોમેટિક સેનિટાઈઝર મશીન, થર્મલ ગન, પ્રોફેશનલ ઈન્ડસ્ટ્રીયલ માસ્ક, ફૂલ ફેસ માસ્ક વગેરે હાલે કોરોના રોગના સંક્રમણ સામે ઉપયોગી વસ્તુઓ, મેડિકલ સાધનોના ઉત્પાદકો વિવિધ શહેરોમાં માર્કેટીંગ માટે ઉત્સુક હોય તેઓએ ઉત્પાદન વસ્તુઓના ફોટા, વિગત શીતલ ધુલ્લા મોનં. ૯૩૨૭૩૦૯૦૨૭ને મોકલે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## પ.પૂ.મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સાની યુ ટ્યુબપર પ્રવચન શ્રૃંખલા

દક્ષિણ રત્ન મહાતપસ્વી પ.પૂ. મુનિપ્રવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના શિષ્ય પ.પૂ. મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સા.ના મંગલ ઉદબોધન પ્રવચન શ્રૃંખલા યુ ટ્યુબ ઉપર પ્રવચન વિષય આઓ ચલે રાગસે વૈરાગ્ય કી ઓર ઉપર જોવા સાંભળા મળશે. પ્રવચન ગુજરાતી ભાષામાં છે. જે માટેની લીંક છે. લીંક https://youtu.be/P-gYETyQEAM આ લીંક ઉપર પ.પૂ. ગુરૂદેવના પ્રવચન શ્રેણી ઉપરાંત અન્ય પ્રવચન પણ સાંભળવાનો લ્હાવો મળશે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની શાલિભદ્ર સાધર્મિક સહાય યોજનાને મળ્યો બહોળો આવકાર

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા વિપરીત સંજોગોને કારણે કપરા સમયના ભોગ બની તકલીફ ભોગવતા જ્ઞાતિજનોને મદદરૂપ થવા મહાજનશ્રી દ્વારા શાલિભદ્ર સાધર્મિક સહાય યોજના જાહેર કરાઈ છે. જેમાં શરૂઆતથી દાતાઓ ઉદાર હાથે ફાળો નોંધાવીને લાભ લીધો છે. કેડીઓ કેરર્સના સહયોગી દાતા સંઘ માતા દમયંતી રતનશી લોડાયા પરિવાર સાંયરા-ઉજ્જૈન (એમ.પી.) અને સમાજ રત્ન શેઠશ્રી શિવજી કુંવરજી વિકમશી પરિવાર રાણપર લાલબાગ છે.

રૂા. ૨૫૦૦૦ નું યોગદાન નોંધાવી ૭૭ જ્ઞાતિજનો અને મુંબઈ મહાજન વ્યસ્થાપક સમિતિના ૩૮ સભ્યો સહિત કુલ ૧૧૫ જણ ઉદારતાપૂર્વક જ્ઞાતિના આ સેવા યજ્ઞમાં પોતાનો સ્વૈચ્છીક આહુતિ દાન આપ્યું છે.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખશ્રી નયનભાઈ અશોક ભેદાએ એક નિવેદનમાં હાલના વિકટ સમયમાં પરિવારોએ મહાજનશ્રી ઉપર વિશ્વાસ મૂકીને સેવા કરવાની તક પૂરી પાડી છે. જે માટે અમે યથાયોગ્ય સાથ આપવા કટિબદ્ધ છીએ. સમગ્ર દેશભરમાં કાર્યરત સમાજની સંસ્થાઓ તથા ગામેગામના મહાજનો ન પદાધિકારીઓ તેમના વિસ્તારમાં સર્વેક્ષણ કરી એવા જરૂરિયાતમંદ જ્ઞાતિ પરિવારો વિશે જાણકારી મેળવી એમને શાલિભદ્ર સાધર્મિક સહાય યોજનાનું ફોર્મ ભરવા પ્રેરિત કરે સાથોસાથ શાલિભદ્ર સાધર્મિક સહાય યોજનામાં દાતા તરીકે જોડાવા ઉપરાંત નવા દાતાઓને પ્રેરિત કરવા ઘટતું કરે. જેથી આપણને મળેલો જ્ઞાતિ સેવાનો આ અમૂલ્ય અવસર આપણે સર્વોચ્ચ સેવા ભાવ રાખીને લેખે લગાડીએ. એવીશ્રી અનંતનાથ દાદાના ચરણે પ્રાર્થના.

## સમસ્ત કેડીઓ બીટુબી બિઝનેસ ગ્રુપ વિષે ઉપયોગી માર્ગદર્શન

કેડીઓ બીટુબી બિઝનેસ ગ્રુપએ આપણું પોતાનું આગવું કેડીઓ ભા માડુને ઓનલાઈન વેપાર તરક્કી કરાવતું ઉપયોગી પ્લેટફોર્મ છે. સર્વે કેડીઓ બિઝનેસમેન ઘર બેઠા બીટુબી બિઝનેસ ગ્રુપ જોઈન્ટ માટે ફોર્મ ભરી સબ્મીટ કરી શકે છે. આ ફોર્મ ભરવા સાથે તમો જ્ઞાતિના જ અન્ય વેપારીઓના સીધા કોન્ટેટમાં આવી શકશો.

બિઝનેસ ગ્રુપના મેમ્બર થતાં કેડીઓ બીટુબી ટેલીગ્રામ ગ્રુપમાં એડ થશો. જ્યાં તમારા ઉત્પાદનો અને તમારા દ્વારા અપાતી સર્વીસ શોકેસમાં અન્યો જોઈ શકે એ માટે મૂકી શકશો.

બીટુબીમાં મોટા બિઝનેસમેન સાથે વેબિનારમાં મૂંઝવતા પ્રશ્નો પૂછવા ઉપરાંત તેમના અનુભવ જ્ઞાનનો માર્ગદર્શન મેળવી શકાય છે. નવી માર્કેટીંગ સ્ટ્રેટેજીની કલ્પના, તેની ગાઈડલાઈન્સ તેનો મેપ કેમ તૈયાર કરવો એ વિષેની અઢળક માહિતી વેબિનારથી મળી શકાશે. જે આખરે પોતપોતાના બિઝનેસે આગળ વધારવા માટે સહાયક બનશે. ડિજિટલ માર્કેટીંગ ઈમેઈલ, ફેસબુક વોટસએપ ઉપરાંત અન્ય સોર્સથી મોર્ડન તરીકા દ્વારા વ્યાપારનો વિકાસની નવી માર્ગદર્શિકા મળશે.

ભલે બીજા મોટા વિસ્તૃત નેટવર્ક ધરાવતાં બિઝનેસ ગ્રુપના મેમ્બર હો તે છતાં આ ગ્રુપ આપણા પોતાના ભા માડુ વેપારીઓ વ્યવસાય સંબંધ જોડી આપતું પોતીકું ગ્રુપ છે અને તદ્દન નિઃશુલ્ક પણ કેડીઓ બીટુબી બિઝનેસ ગ્રુપ માટેની લીંક https://forms.gle/XWp2n4dxRyi1921r5 કેડીઓ બીટુબી બિઝનેસ એપ લીંક https://t.me/joinchat/QX9bTRrpuE2DvMQwVsvYsQઆ ગ્રુપ વિષે વધુ માહિતી મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે નચિંતપણે સંપર્ક કરો નિમેષ ધુલ્લા-૯૩૭૫૧૧૪૪૯૪, પ્રતિક મહેતા-૯૮૮૪૮૯૯૪૯૪, શીતલ ધુલ્લા-૯૦૯૯૦૪૧૪૧૪.

# હાલની કપરી પરિસ્થિતિને અનુલક્ષી ચતુર્વિધને પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો ચિંતનાત્મક પત્ર





હાલે દેશભરમાં કોરાનાને કારણે કપરી પરિસ્થિતિ સર્જાઈ છે. આ રોગનો સંક્રમણ આગળ વધતો અટકે એ માટે છેલ્લા ૨ માસથી લોકડાઉનની પરિસ્થિતિ સરકાર દ્વારા અમલમાં લવાઈ છે. મુંબઈ સિવાય પરિસરના થાણા, પાલઘર સહિત સમગ્ર મહારાષ્ટ્ર, ગુજરાતના અમદાવાદ, દિલ્હી, એમ.પી., રાજસ્થાન, કર્ણાટક વિગેરેમાં હજુ પણ ગંભીર પરિસ્થિતિ થવાનો અણસાર વર્તાય છે. રાજ્ય સરકારો દ્વારા કોરોના રોગનો પ્રસાર આગામી સમયમાં ચરમ સીમા પર પહોંચે એ સ્થિતિને સંભાળી લેવા જાહેર મેદાનો, મોટી મોટી ઈમારતો, સમાજવાડી, હોલ, સ્કૂલ, કોલેજ, ધર્મશાળાઓમાં મોટા પ્રમાણમાં રોગીઓ સમાવી શકાય તેમની સારવાર કરી શકાય એ માટેની વ્યવસ્થા કરાઈ છે. અમુક શહેરોની સોસાયટીઓ જ્યાં જિનાલય પણ આવેલા છે એ કોમ્પલેક્ષ કન્ટેટમેન્ટ ઝોન જાહેર કરી પ્રતિબંધિત કરાયા છે.

આગામી ચાતુર્માસ માટે અત્યંત સાવચેતી સાથે સાધુ-સાધ્વીજી મ.સા. અને સંઘના શ્રાવક-શ્રાવિકાઓના સ્વાસ્થ્ય તેમજ સંક્રમણ રક્ષણ માટે કાળજી પૂર્વક ચતુર્વિધ સંઘ વિચારણા કરીને આયોજન કરે એ માટે પ.પૂ.આ.ભ.શ્રીકલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. એ અખબારોના કટીંગ સંલગ્ન કરી એક પત્ર લખેલ છે.

# લીન(Lean) થિન્કિંગ મેનેજીંગ બોર્ડ અંગે સીએસ દિવ્યા મોમાયાનો બ્લોગ

આપ જ્યારે આપની કંપનીમાં(ઓર્ગેનાઈઝેશનમાં) પરિવર્તન લાવવા ઈચ્છતા હો ત્યારે કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટરમાં કયા બદલાવ લાવવા જરૂરી છે? તમારી કંપની અને તમારા બોર્ડરૂમમાં અદશ્ય અને છૂપો બિનજરૂરી બગાડ ક્યાં છે તે તમે જાણો છો? અત્યારના સમયમાં ટોચના પદ પર બેઠેલાઓ માટે થોડો વિરામ લઈને (જેની તક કોવીડ-૧૯એ આપણને આપી છે) એ બગાડને ઘટાડવાના નવા માર્ગો અને નવી ટેકનીક્સ અંગે વિચારીને કંપનીની મુખ્ય કાર્યક્ષમતા વધારવાની જરૂર છે. ચાલો, આપણે પાતળું અથવા હલકું ફૂલ (Lean) મેનેજમેન્ટ શું છે એ સમજવા તેમજ તે બોર્ડ લીડર્સને વધારે કાર્યક્ષમ અને અસરકારક રીતે કામ કરવા કઈ રીતે મદદ કરે છે તે સમજીએ. એના માટે સીએસ દિવ્યા મોમાયાનો ‘લીન થિન્કિંગ બોર્ડસ’ અંગે વિસ્તૃત માહિતી આપતો બ્લોગ આપ આ લીંક પર વાંચી શકો છો.

https://www.linkedin.com/pulse/lean-thinking-boards-pcs-divya-momaya/?published=tamp;trackingId=ICCZhxbCS02Wj75Ce%2FAQtw%3D%3D

આપની સીટ બૂક કરાવવા https://forms.gle/FjmuGQJKNCYGxBgg6 પર રજીસ્ટર કરો.

વધુ માહિતી માટે સંપર્ક : **પ્રિયંકા લાલકા** – 9428310538 ઈ-મેઈલ:infomentormyboard.com

# છતીસગઢ ભાજપ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ અમિત હીરાચંદ મૈશેરીનો જરૂરતમંદ પરિવારો માટે અવિરત સેવા કાર્ય




લોકડાઉન સમગ્ર દેશમાં ૨૫ માર્ચથી લાગુ કરાયો છે. જેને લીધે ધંધા રોજગાર, ઉદ્યોગ, કારખાના બંધ છે. આ કપરાકાળમાં રોજ બરોજની કમાઈ પર પરિવારનું ગુજરાન ચલાવતા લોકો માટે સંકટનો સમય છે. આ મુશ્કેલ ઘડીમાં છતીસગઢ રાજ્ય ભાજપ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ અને કેડીઓ જ્ઞાતિના ઉત્સાહી સમાજસેવક અમિત હિરાચંદ મૈશેરી તેમના સહયોગી પૂર્વમંત્રી રાજેશ મુણોત સાથે મળીને તા.૨૫ માર્ચથી આજ સુધી રોજે રોજ જરૂરીઆતવાળા પરિવારોને ઘરેઘર જઈ રસોઈ માટેની કાચી સામગ્રી રાશનના વસ્તુઓ અવિરત પહોંચાડી રહ્યા છે.

તે ઉપરાંત ભાજપ દ્વારા અગાઉ દીનદયાળ રસોઈના માધ્યમ દ્વારા રોજ પાંચ હજાર જણને તૈયાર ભોજન પેકેટનું વિતરણ કરાઈ રહ્યું હતું.એને બદલે હવે અનાજ, દાળ, તેલ, લોટ, શાકભાજી વિગેરે કાચી સામગ્રી ગરીબ મજૂર પરિવારો તેમજ રોજંદા જીવાઈ ઉપર ગુજરાન ચલાવતા લોકોને ઘર ઘર પહોંચાડાઈ રહ્યું છે. આ સેવા કાર્ય જયાં સુધી લોકડાઉન સમય ચાલશે ત્યાં સુધી કરવાનો દ્રઢ નિર્ધાર પણ અમિત મૈશેરીએ વ્યક્ત કર્યો છે.

# કચ્છી જૈન સમાજ અમદાવાદ દ્વારા કચ્છીઓને વતન જોગ કરાયા

કચ્છના પણ અમદાવાદમાં કોરોના પરિસ્થિતિને કારણે લોકડાઉન ને કારણે અટવાઈ ગયેલા કે ફસાઈ ગયેલા કચ્છીઓ જેમાં સારવાર માટે કચ્છથી આવ્યા હતા કે પેંઈગગેસ્ટ તરીકે અથવા હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ વેપારીઓ કે કામસર પ્રસંગસર આવેલા કચ્છીઓનું લીસ્ટ બનાવાયેલ. જે અંદાજે ૨૮૦ જેટલા કુલ સભ્યોની યાદી થઈ. જે માટે સમાજના ટ્રસ્ટી આશીષ ધીરૂભાઈ શાહ સરકારમાં તથા કલેક્ટર કચેરી સાથે સતત ફોલોઅપ કરવાને લીધે ૧૦ બસ દ્વારા આ સર્વેને લઈ જવાની પરવાનગી મળેલ. તદ્ઉપરાંત અશોકભાઈ મહેતાએ પટેલ ટ્રાવેલ્સમાં વાત કરી ટ્રાવેલ્સની બસનું નક્કી થયેલ. જે પેસેન્જર દીઠ રૂા. ૭૦૦ ભાડું નક્કી કરેલ જે યાત્રા કરનાર પેસેન્જર ચૂકવશે.

તા. ૬મે બુધવારના સવારે સરકારની ગાઈડ લાઈન્સ પ્રમાણે દરેક પેસેન્જરનું ચેકઅપ કરીને આઠ બસ રવાના કરવામાં આવી હતી. એક બસમાં ૩૦ પેસેન્જર બેસે એ પ્રમાણે સરકારી આદેશની અમલ બજાવણી કરાઈ હતી. આ સમગ્ર સમયે સોશ્યલ ડિસ્ટેશિંગનું પાલન કરાયું હતું તથા બસ રવાના થાય ત્યારે પાલડી ભવન ઉપર ઈતર જનોને આ સમયે આવવા માટે મનાઈ ફરમાન કરાયું હોવાનું પ્રમુખ પ્રતાપભાઈ નારાયણજી દંડ જણાવાયું હતું. દરેકને સમાજ તરફથી ફૂડ પેકેટ અને પાણી બોટલ અપાઈ હતી.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય



ડોલર નવીનભાઈ શાહ
(ભુજ-બાઢિયા) ૯૭૨૬૯૦૫૯૮૧

## પૈસા અને વ્યક્તિની સાચી કિંમત સમજાઈ

આપણે જો પૈસાની બચત કરીએ તો જ્યારે આપણા ઉપર કે આપણા દેશ ઉપર અણધારી આફત આવે ત્યારે બચાવેલા પૈસા જ આપણે કામ આવે છે સાથે સાથે આપણે બચાવેલા પૈસાથી બીજા લોકોને પણ મદદ કરી શકીએ છીએ એવો મે જાત અનુભવ કર્યો અને બીજુ આપણે કોઈ વ્યક્તિ કે પરિવાર સાથે સારા વ્યવહાર કર્યો હોય તો આવી વિકટ પરિસ્થિતિમાં જરૂરએ વ્યક્તિ કામ આવે છે એ મને સારો અનુભવ થયા માટે હું જ્ઞાતિમૈયાના વાચકોને સંદેશો આપ્યા માંગુ છું. હંમેશા વ્યવહાર બધા સાથે સારા રાખવો અને પૈસાનો બેફામ ઉપયોગ ન કરવો. Stay Home, Stay Safe જય હિંદ













## કોરોના મહામારીના કારણે કુદરતની કિંમત સમજાઈ

Covid 19 has turned our lives upside down, honking vehicles to chirping birds, smog to fog, pollution to clear vision. Lock down has brought us pain, but I look at the gains. It is natural for us to crib but i choose to look at the brighter side. Thank you 'Lockdown' - my 10 year old now cooks my favourite dish and my 8 year old performs like my favourite icon. More than watching the reel lives on TV , we enjoy reliving our own memories.

Covid - 19 is a dark cloud passing overhead and blocking the sunlight - but remember 'Every dark cloud has a silver lining '.



**Viral Mayur Dhulla**

# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય

## લોકડાઉન દરમ્યાન પરિવારમાં સંગઠન વધ્યું



Adv. Minal Bharat Khona

Today marks 51 days of complete lockdown for me, and it's time I share my this enriching and self-evolving experience with you'll. To begin with, this time happens to be the best time where I could capitalize on nurturing my family relations and enjoying the beauty of staying home and relieving the memories of the past which somehow I missed due to hectic office schedule.

This time has all brought us together where living in the current society that I reside at for the last over a decade of years actually made me feel like one extended family, where every member is ready to help the other, which one certainly misses in a city like Mumbai. As the moto has been to help as many as one can, this has been the time where I have been able to help many Jain families across Mumbai for their daily needs by way of Sadharmik Sahayata through JITO platform.

One of the most significant milestone has been KDO Swaroj MASK PROJECT by our KDO ladies which has been launched by Shri. KDO samast Women Empowerment Committee under my leadership and on Mr Nishit Bhai's right guidance during this time which has helped ladies from across India to come together join this venture.

Lastly, this time has given me eternal peace.

I sincerely thank God, for blessing me with this beautiful life.

Stay Home. Stay Safe.



CA.Kaushik Navinchandra Lodaya

## કોરોનાના કારણે આપણે વધુ મજબુત બન્યા

Challenges makes us stronger in life; may it be during 2001, 2002 in Gujarat, year of floods in Vadodara or the current period of corona virus.

The good part of this quarantine period at my end has been learning new skills around data science.

This pandemic has disrupted daily life and has created a lot of stress and anxiety. When things are uncertain around us, we don't feel safe and it's normal to feel stressed.

Now since am having permission to move around, am learning the new way of life and making all possible arrangements at factory for workplace safety.




● કચ્છ દેશીય સારસ્વત બ્રાહ્મણ મહાસ્થાન દ્વારા દર વર્ષની જેમ સરસ્વતી સન્માન તેમજ રાષ્ટ્રવંદનાનો કાર્યક્રમ મુલુંડમાં યોજાયો. જેમાં કચ્છી સાહિત્યકાર, સાક્ષર અને કવિ ગૌતમ જોશી-હરિયા માણેક સહિત સારસ્વત જ્ઞાતિના અગ્રણીજનોને 'સારસ્વત રત્ન'ના પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. જ્ઞાતિના ૧૭૦ તેજસ્વી છાત્રોના પણ સન્માન મહાસ્થાનના પદાધિકારીઓના હસ્તે કરાયું હતું.

● રાજ્ય યુવક સેવા, રમત ગમત અને સાંસ્કૃતિક બાબતોના મંત્રાલય હેઠળના ગ્રંથાલય વિભાગ દ્વારા રાજ્યના સાત પુસ્તકાલયોને વિશિષ્ટ શહેરી ગ્રંથાલયનો દરજ્જો આપી તેના નવીનીકરણ માટે ખાસ વધારાના અનુદાનની ફાળવણી કરાઈ છે. આ ગ્રંથાલયોમાં ભુજના ૧૫૧ વર્ષ જૂના મહારાજાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલયનો સમાવેશ કરાતા તેના આધુનિકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. પુસ્તકાલયની પુસ્તક આપ-લે, નોંધણી સહિતની તમામ કાર્યવાહી અદ્યતન ટેકનોલોજીથી કરાશે. એ માટે તમામ પુસ્તકોનું કમ્પ્યુટરાઈઝેશન કરાશે. તે માટે કર્મચારીઓને તાલીમ બધ્ધ કરાશે. વાચકો માટે વધુ ફર્નિચર, સી.સી.ટી.વી., કેમેરા સહિતની સુવિધા ઊભી કરાશે. હાલ રાજ્ય સરકાર દ્વારા મળતું વાર્ષિક અનુદાન દોઢ લાખથી વધારીને પાંચ લાખ કરાયું છે.

● કચ્છ ઈતિહાસ પરિષદના સ્થાપના દિને ૪૪ સભ્યોએ ૧૧ ઐતિહાસિક ધાર્મિક સ્થળોનો પ્રવાસ કર્યો હતો. વિવિધ ઐતિહાસિક ધરોહર, મંદિર, બૌધ્ધ ગુફાઓ, લખપતના ઐતિહાસિક ગુરૂ દ્વારા વિગેરેની મુલાકાત સાથે તેના ઈતિહાસ માહત્મય વિગેરેની સભ્યોને માહિતી અપાઈ હતી.

● જિલ્લાના બંદરીય શહેર મુંદરાની ૧૧૧ વર્ષ પૂર્ણ કરનાર શેઠ આર.ડી.એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બાલમંદિરથી બી.એડ. સુધીના સાતેય શૈક્ષણિક સંસ્થાના કર્મચારી પારિવારીક મેળાવડામાં વિશિષ્ટ સિધ્ધિ મેળવતા છાત્રો અને શિક્ષકોને પોખવાનો કાર્યક્રમ યોજાયો.

● એશિયન વેટલેન્ટ બ્યૂરો કરતા કુઆલંપુર મલેશિયાના મુખ્ય મથકથી દર વર્ષે જાન્યુઆરી માસમાં આખા એશિયાના જળાશયો પર વસવાટ કરતા જળચર પક્ષીઓની ગણત્રી છેલ્લા ૩૩ વર્ષથી નિયમિત રીતે યોજાય છે. પેલિકન નેચર ક્લબ શરૂઆતથી જ આ વસ્તી ગણત્રીમાં જોડાયેલી છે. આ વરસે કચ્છ ૭૦ જેટલા જળાશયોની મુલાકાત લઈ ૧૧૯ જાતિના કુલ્લ ૬૪૮૩૩ જળચર પક્ષીઓની હાજરીના નોંધ લીધી હતી.

● શુભકાર્યમાં સામેલ થવાનો અવસર એટલે મધ્યવર્ગીય પરિવારો માટે કવીઓ જૈન મહાજન ભુજ સંચાલિત મહાજનનું મામેરૂ યોજનાને બહોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ અંતર્ગત ૨૪૩ મા લગ્ન યોજાયા. આ યોજનામાં કન્યાને રૂા. અગ્યાર હજારના બોન્ડ તેમજ ઘરવખરીની સામગ્રી સહિતની ભેટ આપવામાં આવે છે.

● ચાર્ટડ એકાઉન્ટની પરીક્ષામાં રાષ્ટ્રીય સ્તરે બીજા ક્રમે આવેલા માંડવી તાલુકાના કોડાય ગામના યુવાન શાહિદ મેમણનું તાજેતરમાં દિલ્હી ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાના વાર્ષિક સમારોહમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાના હસ્તે કેન્દ્રીય નાણામંત્રી (રાજ્ય) અનુરાગ ઠાકુરના ઉપસ્થિતિમાં કુલ્લ ત્રણ મેડલ અને બે સર્ટિફિકેટ તથા રોકડથી સન્માનિત કરાયા. શાહિદે ઈનડાયરેક્ટ ટેકેસેસનના પેપર-૮માં લખેલું પેપર બેસ્ટ પેપર જાહેર કરાયું હતું.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO